ના હોં ! આ વખતે શ્રાવણ મહિનો ઉપવાસ નથી કરવાના. પહેલાં તો ફ્રૂટ સસ્તાં હતાં એટલે ઉપવાસ પણ સારો લાગતો હતો. પણ હવે તો ચાલીસ રૂપિયે ડઝન કેળાં ખાઉં તો મારું બજેટ બગડી જાય !

ચરાડા હાઈસ્કૂલનો જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં સુંદર દેખાવ

ગાંધીનગર, તા.૨૦

એસ.એ.આઈ. સેકટર-૧૫, ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાની અન્ડર-૧૭ હેન્ડબોલ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં કે.જી.હાઈસ્કૂલ ચરાડાની બહેનોએ બીજું સ્થાન અને ભાઈઓએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કે.જી. હાઈસ્કૂલ ચરાડાની ટીમમાં મેઘા ચૌહાણ, નિરાલી પટેલ, સોનલ પટેલ અને ભાવના પટેલ તથા કનૈયાલાલ રાવળ અને સેંધાભાઈ ચાવડાએ હેન્ડબોલ સ્પર્ધામાં સુંદર પ્રદર્શન કરી રાજયકક્ષાની ટીમમાં પસંદગી મેળવી છે. બાળ હેન્ડબોલ સ્પર્ધામાં દિનેશ ચાવડા અને પ્રિયાંક ચૌધરીએ પણ રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી પ્રાપ્ત કરી છે. વિજેતા ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી તથા આચાર્ય બાબુભાઈ ચૌધરી તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

વસંતકુંવરબા પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લા રમત ગમત અધિકારી કચેરી દ્વારા સાંઈ કોમ્પલેક્ષ ખાતે

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત એમબીએ કૉલેજનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૦

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ- એમ.બી.એ. વિભાગનું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના મે -૨૦૧૨ના વાર્ષિક પરિણામમાં રાજ્યની ૧૦૭ કોલેજ પૈકી પાંચમું સ્થાન પ્રાપ્ત કરેલ છે. જે સંસ્થા માટે ગૌરવની બાબત છે.

તાજેતરમાં જિલ્લા કક્ષાની અન્ડર-૧૪ હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાની હેન્ડબોલની ટીમે સુંદર દેખાવ કરી પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

હેન્ડબોલ સ્પર્ધામાં બા શ્રી વસંતકુંવરબા શાળાની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ ક્રમે વિજેતા થઈ હતી. હેન્ડબોલની ટીમની ખેલાડીઓ નિલમ ડામોર, હિરલ ચૌહાણ, માલતી સાકરિયા, શ્રદ્ધા સાકરિયા, કિરણ પઢિયાર, પ્રિયંકા પરમાર, ભૂમિ સુથાર, મીના ઝાલા વગેરેને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. ટીમના કોચ મહેશ્વરીબેન ધુમાલે ટીમને માર્ગદર્શન આપ્યું હતું.

વૈદિક મહાસભા દ્વારા માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે મેમરી એન્ડ ગ્રાસ્પીંગ પાવર ઈમ્પ્રુવમેન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

માઉન્ટ કાર્મેલ સ્કુલ, સેક્ટર-૨૧ ખાતે ગત તા. ૧૮ થી ૨૦ જુલાઈ દરમ્યાન ધોરણ-૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓ માટે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈદિક મહાસભા દ્વારા તદ્દન નિઃશુલ્કરૂપે યોજાયેલ મેમરી એન્ડ ગ્રાસ્પીંગ પાવર ઈમ્પ્રુવમેન્ટનાં આ વર્કશોપનું સંચાલન વિષય નિષ્ણાત અરવિંદભાઈ રાણાએ કર્યું હતું.

તેમણે વર્ગખંડમાં અભ્યાસ કરવાની વૈદિક પદ્ધતિ વિશે વિસ્તૃત સમજ આપતાં જણાવ્યું હતું કે વર્ગમાં ભણતી વખતે વિદ્યાર્થીની આંખ ગુરુ તરફ હોવી જોઈએ, ગુરૂનાં શબ્દો કાન સાથે અને કાન મન સાથે સતત જોડાયેલા રહેવા જોઈએ. એનો અર્થ એવો થાય કે વર્ગખંડમાં કોઈ શરીરિક ક્રિયા કરવી નહીં તથા મનમાં પણ બીજા વિચારો કરવા નહીં. શરીર અને મન બંને શિક્ષક દ્વારા શીખવાડવામાં આવતા વિષય ઉપર જ કેન્દ્રિત કરી દેવા જોઈએ.

તેમણે વિદ્યાર્થીઓને ન ગમતા વિષયો કેવી રીતે રૂચિકર બનાવી શકાય તેના શાસ્ત્રોક્ત અસરકારક ઉપાયો સમજાવ્યા હતા. આ ઉપરાંત સરળ વિષયો વાંચવા, ક્યારે પુનરાવર્તન કરવું તથા ક્યારે અઘરા વિષયો ભણવા તે વિશે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજ આપી હતી.

ત્રિદિવસીય વર્કશોપનાં અંતિમ દિવસે સમાપન સમારોહ પ્રસંગે તેમણે અભ્યાસમાં ધાર્યુ પરિણામ મેળવવા પાંચસૂત્રીય વિધિને સમજાવી હતી. સમાપન પ્રસંગે વૈદિક મહાસભાનાં ગાંધીનગરનાં પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી તથા શાળાનાં આચાર્યા સીસ્ટર રેણુકા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

સીસ્ટર રેણુકાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને મહારાષ્ટ્રની ૨૦૦પની સત્ય ઘટના વર્ણવતા કહ્યું હતું કે સમગ્ર મહારાષ્ટ્રમાં ધોરણ-૧૦માં બોર્ડમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી ઝુંપડામાં રહેતો હતો. તેના પિતા ગુજરી ગયા હતા. ગરીબ માતા મજુરી કરીને ઘર ચલાવતી હતી. જ્યારે વિદ્યાર્થીને ટી.વી.વાળાએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે હું શાળામાં ખૂબ ધ્યાનથી ભણતો હતો અને સાંજે અંધારૂ થયા પછી સ્ટ્રીટ લાઈટમાં ભણતો હતો. આમ, ઓછા સાધનો સાથે પણ વ્યક્તિ સફળતા પ્રાપ્ત કરી શકે છે તો તમારી પાસે તો બધા જ સાધનો છે માટે જો મહેનત કરશો તો સારું પરિણામ ચોક્કસ મેળવી શકશો. વૈદિક મહાસભાનાં જિલ્લા પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ વર્કશોપનું આયોજન કરવા પાછળના ઉદ્દેશ્યો સમજાવી જે જ્ઞાન મેળવ્યું છે તેનો જીવનમાં અમલ કરવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમનાં અંતે શાળાના પુસ્તકાલય માટે વૈદિક મહાસભા તરફથી સ્મૃતિ અને પ્રતિભા વિકાસનો રાજમાર્ગ પુસ્તક શ્રી મહેન્દ્રભાઈ ગાંધી દ્વારા શાળાના આચાર્યા સીસ્ટર રેણુકાને ભેટ આપવામાં આવી હતી. સીસ્ટરે આવા વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી અને અનેક નવી જાણકારીથી ભરપુર કાર્યક્રમનું નિઃશુલ્ક આયોજન કરવા બદલ વૈદિક મહાસભાનો આભાર માન્યો હતો.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયમાં ખાતે વસતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૦

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય સાદરા ખાતે ૧૧ જુલાઈથી ૧૭ જુલાઈ દરમ્યાન વિશ્વ વસતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

તા. ૧૧ જુલાઈએ સંસ્થાના સંયોજક કનૈયાલાલ નાયકે વસતી વિસ્ફોટથી ઉદ્‌ભવતી સમસ્યાઓ અંગે ચર્ચા કરી હતી. ૧૨ જુલાઈએ અર્થશાસ્ત્રના અધ્યાપક યોગેશ વસિયાએ વસતીની સાંપ્રત પરિસ્થિતિ અંગે ચર્ચા કરીહતી. ૧૩ જુલાઈએ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે ગુલાબભાઈ પટેલ અને કનુભાઈ વસાવાએ ભૂમિકા ભજવી હતી.

૧૪ જુલાઈએ પોસ્ટર સ્પર્ધાનું આયોજન થયું હતું, જેમાં ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે દિવ્યેશ ભટ્ટ અને ધ્વનિલ પારેખે ભૂમિકા ભજવી હતી.

૧૬ જુલાઈએ નિબંધ સ્પર્ધાનું આયોજન થયું હતું, જેમાં ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે મહેશ જાદવ અને રાજેન્દ્ર જોષીએ ભૂમિકા ભજવી હતી. સપ્તાહના અંતિમ દિવસે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક સુદર્શન આયંગર ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વસતી સાથે સંકળાયેલાં વિવિધ પાસાઓની સમજ આપી હતી. વિશ્વ વસતી સપ્તાહના આ કાર્યક્રમોનું આયોજન ધ્વનિલ પારેખ અને દિવ્યેશ ભટ્ટ દ્વારા કરાયું હતું.

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરીના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસિએશન અને પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ એ દ્વારા જિલ્લા કક્ષાની અંડર-૧૪, અંડર-૧૭ અને અંડર-૧૯ ભાઈઓ-બહેનો માટેની શાળાકીય ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાના સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના ઉદ્‌ઘાટન પ્રસંગે રમતજગત મેગેઝીનના તંત્રી ભૂપેન્દ્રભાઈ શ્રોત્રિય, ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસિએશનના પ્રમુખ ભરતજી ઠાકોર અને પ્રેરણા વિદ્યાલયનાં આચાર્યા સ્વાતિબા રાઓલે દીપ પ્રાગટ્ય કરી સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. ફેન્સીંગ રમતની વિવિધ ઈવેન્ટ્સમાં જિલ્લાનાં કુલ ૮૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લાકક્ષાની અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ ફેન્સિંગ સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ અને તૃતીય વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો. વિદ્યાલયની કિંજલ ઠાકોરે અન્ડર-૧૭માં તથા અસ્મિતા ચૌધરી, મિત્તલ ચૌધરી, ગુખી ચૌધરી અને કાજલ શ્રીમાળી અન્ડર-૧૯માં ફેન્સીંગ સ્પર્ધામાં પ્રથમ અને તૃતીય ક્રમ હાંસલ કરી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. આચાર્યા સંતોકબેન ચૌધરીએ કોચ હેતલબેન દેસાઈ તથા રાજ્યકક્ષાએ પસંદ થયેલા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી.

સેક્ટર-૧૯ જીમખાના ખાતે રાજેશ ખન્ના શ્રદ્ધાંજલી કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૦

બૉલીવૂડના પ્રથમ સુપર સ્ટાર રાજેશ ખન્નાને શ્રદ્ધાંજલી અર્પણ કરવા માટે એક સભાનું આયોજન સેક્ટર-૧૯ ખાતે કાર્યરત જીમખાના ખાતે કરવામાં આવ્યું છે.

સેક્ટર-૧૯ જીમખાના અને સ્વીમીંગ ગ્રૂપ દ્વારા સંયુક્તપણે આ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૨ જુલાઈ ને રવિવારના રોજ સાંજે ૫ થી ૬-૩૦ દરમ્યાન સે૧૯ જીમખાના ખાતે આ શ્રદ્ધાંજલી સભા યોજવામાં આવશે, જે અંતર્ગત સુપરસ્ટાર રાજેશ ખન્નાને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવશે. રાજેશ ખન્નાના સઘળા ફેન્સ આ શ્રદ્ધાંલજિ સભામાં ઉપસ્થિત રહી શકે છે એમ જિમખાનાની આ અંગેની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પ્રસંગસર

- આશા સરવૈયા / કુંતલ નિમાવત

બે ગરવાં ગુજરાતીઓની આજે જન્મતિથિ



કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર, વિવેચક, સંશોધક, સંપાદક અને અનુવાદક ઉમાશંકર જોશીનો જન્મ ૨૧ જુલાઈ, ૧૯૧૧ના રોજ ઈડરના બામણા ગામમાં થયો હતો. ૧૯૩૬માં અભ્યાસ દરમ્યાન જ મુંબઈની વિલે પાર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક, પછી ૧૯૩૮માં સિડનહામ કોલેજમાં વ્યાખ્યાતા. ૧૯૩૯માં અમદાવાદમાં નિવાસ કર્યો. ૧૯૪૬ સુધી ગુજરાત વિદ્યાસભા, અમદાવાદના અનુસ્નાતક વર્ગમાં ગુજરાતીના અધ્યાપક અને સંશોધક. ૧૯૪૭માં 'સંસ્કૃતિ' માસિક શરૂ કર્યું. ૧૯૫૩ સુધી સ્વેચ્છાએ નિયુક્ત પ્રવાસી શિક્ષક રહ્યા. ૧૯૫૪માં ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રોફેસર અને ભવનના અધ્યક્ષ. ૧૯૫૯માં મુંબઈ યુનિવર્સિટીના નિમંત્રણથી ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળા. ૧૯૬૬થી બે સત્ર માટે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ. ૧૯૭૯-૮૧ દરમ્યાન કલકત્તાની વિશ્વભારતીના પણ કુલપતિ. ૧૯૭૦-૭૬ દરમ્યાન રાજ્યસભામાં લેખકની હેસિયતથી નિયુક્તિ. ૧૯૫૭માં કલકત્તાની અખિલ ભારતીય લેખક પરિષદના વિભાગીય પ્રમુખ. ૧૯૬૮માં ગુજરાત સાહિત્ય પરિષદના દિલ્હીના ૨૪મા અધિવેશના પ્રમુખ. ૧૯૭૮માં સાહિત્ય અકાદમી, દિલ્હીના પ્રમુખ. ૧૯૫૨માં ચીન, જાવા, બાલી, લંકા વગેરે એશિયાઈ દેશોનો, ૧૯૫૬માં અમેરિકા તેમજ યુરોપનો, ૧૯૫૭માં જાપાનનો અને ૧૯૬૧માં રશિયાનો પ્રવાસ. ૧૯૩૯માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૪૪માં મહિડા પારિતોષિક, ૧૯૪૭માં નર્મદ સુવર્ણ ચંદ્રક, ૧૯૬૫માં ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક, ૧૯૭૩માં સાહિત્ય અકાદમી પારિતોષિક, ૧૯૭૯માં સોવિયેત લેન્ડ પુરસ્કાર, ૧૯૮૨માં કુમારનૃઆશાન પુરસ્કાર. ૧૯-૧૨-૧૯૮૮ના રોજ કેન્સરથી મુંબઈમાં અવસાન.

અમદાવાદમાં સંસ્કારી નાગરી નાતમાં ૨૧ જુલાઈ, ૧૯૧૧માં જન્મેલા બાળક અવિનાશે, ઘોડીયે હિંચોળતા માતા મણિબેનના મધુર કંઠે ગવાયેલા હાલરડાં અને ભાવભર્યા ભજનો ગળથૂંથીમાં પીધા હોય તેમ બાળપણથી જ ગાવું તેમને માટે સહજ હતું. ક્રિકેટનો શોખ તેમને મુંબઈ લઈ ગયો પરંતુ ત્યાં ક્રિકેટને બદલે ઉદય થયો ગુર્જરી ગીત સૃષ્ટિનો. મુંબઈની નેશનલ ગ્રામોફોન કું. સાથે મિલાપ થતાં આ ક્ષેત્રે હમણાં જ પ્રવેશેલા જુવાનિયા અવિનાશના ગીતોનું રેકોર્ડીંગ થવા લાગ્યું. એટલું જ નહીં ઓલ ઈન્ડિયા રેડિયો પરથી પ્રસારિત પણ થવા લાગ્યા. આ સાથે જ અવેતન રંગભૂમિ પર અભિનય કરવાની તક મળી જેની સાથે પોતાનાં ગીતો સુમધુર કંઠે ગાયા અને શ્રોતાઓમાં છવાઈ ગયા.

૧૯૫૦-૬૦નો દાયકો નૃત્યનાટિકાનો હતો. અનેક નૃત્યનાટિકાઓ માટે અવિનાશભાઈએ ગીતો લખ્યા છે. નરસૈયો, મીરાં, આમ્રપાલી, રાસદુલારી, જેસલ તોરલ વિ. સફળ નૃત્યનાટિકાઓનો તેમની કારકિર્દીમાં અમૂલ્ય ફાળો રહ્યો છે. તે સમયની ખૂબ જાણીતી ગુજરાતી ફિલ્મો ગુણસુંદરી, મંગલફેરા, ગાડાનો બેલ વિ.માં તેમના ગીત-સંગીત ખૂબ સફળ થયા જે હજી પણ લોકહૈયે વસેલા છે.

અવિનાશભાઈના શબ્દો અને બંદિશની ખૂબી રચનાની સરળતામાં છે. 'પાંદડું લીલું ને રંગ રાતો, તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે, રાખના રમકડા મારા રામે રમતાં રાખ્યા રે, છાનું રે છપનું કંઈ થાય નહીં...' વિ. અનેક ગીતો ગુજરાતી પ્રજાના કંઠ અને કાનમાં કાયમ માટે વસી ગયા છે. અવિનાશભાઈએ ગીત, ગરબા, રાસ, ગઝલ, ભજન વિ. દરેક ક્ષેત્રે યાદગાર રચનાઓ આપી છે. પરંતુ આ બધામાં માતાજીના ગરબા અવિનાશભાઈની માતાજી પ્રત્યેની અનંત આસ્થાને કારણે, સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. માડી તારૂં કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો, બજે તાલ મંજીરા ડોલે રે ભવાની મા, એક હરતું ને ફરતું મંદિર મારો ગરબો, માડી તારા મંદિરમાં ઘંટારવ થાય... વિ. ગરબાએ ગુજરાત અને ગુજરાતણ પર સામ્રાજ્ય જમાવી દીધું છે. કવિ શ્રી બોટાદકર પછી જો કોઈએ કુટુંબજીવનના ગીતો આપ્યા હોય તો તે અવિનાશભાઈએ. ભાભી તમે થોડા થોડા થાવ વરણાગી, મારો દેવરીયો છે બાંકો, આજ મારી નણંદીને ઓછું આવ્યું અને શિરમોર સમું 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ' (સસરા, સાસુ, નણંદ અને પતિ)માં નારી સંવેદના અને કુટુંબભાવનાનું અજબ નિરૂપણ કરેલ છે.

અવિનાશભાઈએ ૧૧ હજારથી વધારે ગીતો લખ્યાં છે. ૧૯૭૦માં તેમને પદ્મશ્રી એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા. ગુજરાતે ૧૯૮૪માં અણમોલ રત્ન ગુમાવ્યું.

ગાંધીનગરનો હરતોફરતો જીવંત સેવાયક્ષ : વિભાબેન ઠક્કર

આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

આજથી સોળેક વર્ષ પહેલાંની વાત છે. એક સાંજે ઑફિસેથી ઘરે આવીને જગદીશભાઈએ લગભગ અઢાર-ઓગણીસ હજાર જેવી રકમ પત્નીના હાથમાં મૂકી. આ રકમ તે દિવસોમાં કંઈ સાવ નાની કહી શકાય તેવી નહોતી. આ નાણાં પગારના એરિયર્સના હતા. પૈસા હાથમાં આવતાં જોઈને જેમ તમામ પત્નીઓ રાજી થાય છે તેમ જગદીશભાઈનાં પત્ની પણ રાજી થયાં. ઘરેણાં ખરીદવાની દરખાસ્ત મુકાશે તેવી કલ્પના એક જ ધડાકે ખોટી પડી. જગદીશભાઈનાં પત્ની તે સમયે મુઠ્ઠી ઉંચેરા સાબિત થયાં. આ રકમમાંથોડા રૂપિયા ઉમેરીને બંને નણંદો એટલે કે જગદીશભાઈની બે બહેનોને સરખે હિસ્સે દસ હજાર આપી દેવા વિચાર વ્યક્ત કર્યો. વિચાર ઉમદા હતો પણ વાત અહીંથી પતી નહીં. બંને નણંદોએ પોતાની આર્થિક સધ્ધરતાનો હવાલો આપીને આ રકમ સ્વીકારવાનો પ્રેમપૂર્વક ઇન્કાર કર્યો. આ તબક્કે નણંદો ભાભી કરતાં પણ સવાઈ પૂરવાર થઈ. જલારામબાપાના આદર્શોને વરેલા આ પરિવારે પરમાર્થનો એકડો ઘૂંટી-ઘૂંટીને ઠીક ઠીક ઘાટો કર્યો હતા ! સ્વાર્થનો પડછાયો પણ આ ઘરમાં પ્રવેશી શકે એમ નહોતો ! આ રકમ પોતાના ઉપયોગ માટે તો ન જ વાપરવી તે નિશ્ચિત હતું. પ્રશ્ન એ હતો કે તો આ પૈસા વાપરવા ક્યાં ? કોઈ સેવાભાવી સંસ્થામાં આ રકમનું દાન કરી દેવાનો વિચાર આવ્યો. વીરપુરના વારસદારોને એક પળે નાનસરખું અન્નક્ષેત્ર ચાલુ કરવાનો વિચાર પણ આવ્યો. જો કે એ માટે રકમ ઘણી નાની હતી પણ જગદીશભાઈની પત્નીનો ઉત્સાહ આભને આંબે તેવો હતો ! તે દિવસોમાં ગાંધીનગરમાં શ્રી જી એન ખારોડ દ્વારા સદભાવ ટ્રષ્ટના નેજા હેઠળ સિવિલ હોસ્પિટલના દર્દીઓના સ્વજનો માટે ટિફીન સેવા ચાલતી. આ સેવામાં ફક્ત બપોરના ભોજનની જોગવાઈ હતી. સાંજના ભોજનની વ્યવસ્થા માટે સાક્ષાત અન્નપૂર્ણા ગાંધીનગરની ધરતી પર અવતર્યા હોય તેવું લાગ્યું ! એક વર્ષ માટે સાંજના ભોજનમાં કઢી ખીચડીનો પ્રસાદ આપી શકવાની સમર્થતા બતાવી. સાસુમાની પુણ્યતિથિથી આ સેવાયજ્ઞ ચાલુ થયો. સેવાનું ઝનૂન પણ કવચિત્ દર્શનીય બની જાય છે. ખીચડીના કૂકરો મૂકાયાં, કઢીના તપેલા ચૂલે ચઢ્યા. તૈયાર કઢીખીચડીના ડબ્બાઓ સ્કૂટરમાં ગોઠવાયા. સવારી ઉપડી સીધી સિવિલ હોસ્પિટલ તરફ ! વોર્ડની વચ્ચોવચ્ચ ઊભા રહીને પ્રેમાળ વદને દર્દીઓ અને તેના સ્વજનોને કઢી ખીચડી પીરસતાંતં આ અન્નપૂર્ણા એ બીજું કોઈ નહીં પણ સ્વ. મુક્તાગૌરી ચેરીટેબલ ટ્રષ્ટના સંચાલિકા શ્રીમતી વિભાબહેન ઠક્કર !

વિભાબહેનની આર્થિક સ્થિતિ ઠીકઠીક કહી શકાય તેવી સધ્ધર હતી. ઉદાર સ્વભાવ હતો. નિસ્વાર્થ ભાવ હતો. ત્રિવિધ સદગુણોનો અનોખો સંગમ આ પરિવારમાં જોવા મળતો હતો. સમાજ માટે કંઈક કરી છૂટવાની તમન્નાનું આ ફળ હતું. એક માતૃવત્સલ નારીના કોમળ દિલમાંથી સેવાની સરવાણી ફૂટી ચૂકી હતી ! ગાંધીનગરમાં વધુ એક સેવાભાવી સંસ્થાનો જન્મ થયો હતો. એક વેળા તદ્દન નાનાપાયે શરૂ થયેલી આ સેવાને આજે લોકો સિવિલ હોસ્પિટલના સ્વજનગૃહ તરીકે ઓળખે છે. સેવાનું આ ખળખળતું ઝરણું આજે સોળ વર્ષની સફર કાપીને બે કાંઠે વહેતી સરિતાનું સ્વરૂપ લઈ ચૂક્યું છે. તેના તટપર બેસીને વિભાબેન ઠક્કર આ સેવાસરિતાના અવતરણની ઘટનાને યાદ કરતાં કહે છે કે પરમાર્થે લીધેલો નિર્ણય કદાપિ ખોટો ઠરતો નથી ! મુક્તાગૌરી એટલે વિભાબહેનના સ્વર્ગસ્થ સાસુમા. તેમના સ્મરણાર્થે શરૂ થયેલા સ્વ. મુક્તાગૌરી ચેરીટેબલ ટ્રષ્ટ દ્વારા શરૂઆતમાં શિક્ષણની પ્રવૃત્તિ ચાલતી હતી. વિભાબહેન બીએ બીએડ, પીટીસી અને એલએલબી હતાં. કર્વાલીફાઈડ હોવાના લીધે પહેલા શિક્ષિકા અને ત્યારબાદ પોતાના જ ટ્રષ્ટની શાળામાં આચાર્યાની જવાબદારી નિભાવતા હતાં. સેવાની ભાવનાએ જીવનને એક અનોખો વળાંક આપ્યો. સિવિલ હોસ્પિટલમાં સદાવ્રત શરૂ થયાના ફક્ત એક જ વર્ષના ટૂંકા ગાળામાં વિભાબહેને આ દિશામાં અદ્‌ભૂત પ્રગતિ કરી દેખાડી. સાંજની કઢી ખીચડી ઉપરાંત સવારે પણ દાળ ભાત શાક રોટલી આપવાનું શરૂ કરી દીધું. સવાર-સાંજ બંને ટંકની ભોજનસેવાના આયોજનમાં પ્રારંભે ઘણી તકલીફ નડી. છેવટે સ્વ. મુક્તાગૌરી ચેરીટેબલ ટ્રષ્ટને સિવિલ હોસ્પિટલના પાછળના ભાગે આવેલા લાયન્સકલબના મકાનનો એક રૂમ વાપરવા સત્તાવાળાઓ દ્વારા અનુમતિ મળી. વ્યવસ્થિત રીતે ચાલતી આ પ્રવૃત્તિના એ સ્વજનગૃહને દર્દીઓના સગાવહાલાં લાડથી 'મુક્તાબાનું ઘર' પણ કહે છે ! સ્વખર્ચે સેવાની પ્રવૃત્તિ આદરનાર શ્રીમતી વિભાબહેનને શરૂઆતમાં ઘણી હાલાકી વેઠવી પડી. એમ લાગ્યું કે સારા અને સેવાભાવી માણસોની અછત અને વધતી જતી મોંઘવારી વચ્ચે ટકાશે નહીં, પરંતુ મક્કમ ઈરાદો અને તીવ્ર ધગશ કારણે ટકી શકાયું. અત્યારની પરિસ્થિતિ જોતાં લાગે છે કે સદાવ્રત ચલાવવાની તેઓની ઈચ્છા ઈશ્વરે પરિપૂર્ણ કરી છે. 'દુકડો ત્યાં હરિ ઢૂંકડો' એ ઉક્તિને સાર્થક કરતી ગરીબ અને ગ્રામ્ય દર્દીઓ તથા તેના સ્વજનોને સવારસાંજ સાત્વિક ભોજનસેવા શ્રીમતી વિભાબહેન ઠક્કરે એકલપંડે શરૂ કરી. આ નિસ્વાર્થ અને સ્વાન્તઃસુખાય સેવા હવે તો સમાજસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પરિણમી છે. આ કામમાં તેમને દાતાઓનો સહકાર પણ ભરપૂર મળી રહ્યો છે. તેમનું માનવું છે કે તેઓ નિસ્વાર્થ અને નિષ્ઠાવાન કર્મશીલો અને સ્વયંસેવકોના સહકાર અને પીઠબળ વિના એકલેહાથે આ કામ કરી શક્યાં ન હોત ! મોટે ભાગે તેઓને આવશ્યક ચીજવસ્તુઓ અને ખાદ્યસામગ્રી દાન-ભેટ સ્વરૂપે મળતી રહે છે તેથી રોકડ રકમ સ્વીકારવાનો પ્રશ્ન થતો નથી. તેઓ કહે છે કે આપણાં ગાંધીનગરમાં સખાવતીઓઓ તોટો નથી. કોઈ વ્યાપારી ઘઉં, ગોળ, તેલ, ઘી આપી જાય છે તો સેક્ટર ૨૧ની શાકમાર્કેટમાંથી લીલા શાકભાજી પણ કોઈ સેવાભાવી માણસ મોકલી આપે છે. ઘંટીવાળા અનાજ મફત દળી આપે છે તો જીએસપીસી દ્વારા રસોઈગેસ નિઃશુલ્ક પૂરો પાડવામાં આવે છે. સેવાયજ્ઞમાં ગાંધીનગરનો નાનામાં નાનો જણ પોતાની રીતે આહૂતિ આપવા તત્પર હોય છે. સૌની યથાશક્તિ મદદ મળી રહે છે. કોઈ બાકસનું બચ્ચું આપી જાય છે તો કોઈ ઘઉંના કટ્ટા ! ભાઈશ્રી સુકેતુ મહેતાના સંનિષ્ઠ પ્રયાસો થકી તેમના એક મિત્ર રાયજાદા પરિવાર તરફથી આ સંસ્થાને ટાટાસૂમો ગાડી પણ ભેટમાં મળી છે ! આવા સખાવતીઓ નામ કે કિર્તીનો ક્યારેય આગ્રહ રાખતા નથી ! વારતહેવારે ફળાહાર અને મિષ્ટાન્ન પણ પીરસાય છે. પ્રસુતાને શુધ્ધ ઘીના શીરાની સગવડ પણ વિચારાય છે. વિભાબહેનના આ સ્વજનગૃહમાં દર્દીઓના સ્વજનો આવે છે, ભાવથી જમાડાય છે. ભૂખ્યાજનોનો જઠરાગ્નિ ચંદન જેવી શીતળતા પ્રાપ્ત કરે છે. સવારસાંજ લગભગ ચાલીસથી પચાસ માણસો અહીં જમી જાય છે. સાદું પણ સાત્વિક ભોજન પીરસવામાં આવે છે. અંદાજે રોજના એક હજાર રૂપિયાના ખર્ચના હિસાબે વાર્ષિક સાડાત્રણ લાખના ખર્ચની જોગવાઈ જલાબાપાના આશીર્વાદથી જ થઈ જતી હશે તેવું તેમનું માનવું છે.

વિભાબહેન બહુમુખી.....

● અનુસંધાન છઠ્ઠા પાન